## હાલમાં પર્યાવરણ અમને તમામને પહેલાથી જ ચેતવણી આપી રહ્યું છે

# તો અમારી પાસે કઈ પણ નહીં બચે



ભારત સહિત વિશ્વના દેશો પર્યાવરણને લઈને સાવદાન અને સતક બની રહ્યા છે પર્યાવરણના સંરક્ષણ અને જતન માટે વિવિધ પગલા પણ લેવામાં આવી રહ્યા છે પરંતુ અપેક્ષા મુજબના પરિણામ હજુ પણ મળી રહ્યા નથી. પર્યાવરણને લઈને હવે દરેક ભારતીયને સાવધાન થઈ જવાની જરૂર છે. પર્યાવરણ હાલના સમયમાં અમને તમામને પ્રેરિત કરે છે. સાથે સાથે સંકેત પણ આપે છે કેજો અમે પર્યાવરણનો ઉપયોગ વિચારીને યોગ્ય રીતે કરીશુ નહીં તો ગંભીર પરિણામ આવશે અને અમારી પાસે કઈ પણ બચશે નહીં. આ ગંભીર બાબતને ધ્યાનમાં લઈને જ યુએનઈપી દ્વારા કેટલાક સુચન હાલમાં કર્યા છે જેના તરફ ધ્યાન આપવાની તાકીદની જરૂર દેખાઈ રહી છે. ભારતને પર્યાવરણ અને પ્રદુષણના કારણે દર વર્ષે બે લાખ કરોડ રૂપિયાનુ નુકસાન થઈ રહ્યુ છે. પર્યાવરણને સુરક્ષા આપવા માટે જુદા જુદા પાસા પર કામ કરવાની જરૂર દેખાઈ રહી છે. પર્યાવરણમાં જે પ્રદુષણ ફેલાય છે તેના કારણે ભારે નુકસાન માનવીને શારરિક અને માનસિક રીતે થઈ રહ્યુ છે. વૈશ્વિક સંસ્થાઓ દ્વારા હાલમાં જે કેટલીક મહત્વની વાત કરવામાં આવી છે જેના તરફ ધ્યાન આપીને ખુબ ઉપયોગી કામ કરવામાં આવી શકે છે. પર્યાવરણ સાથે જોડાયેલા કેટલાક તથ્યોની વાત કરવામાં આવે તો કેટલીક જરૂરી બાબતો સપાટી પર આવે છે. સેન્ટર ફોર સાયન્સ એન્ડ એન્વાયરમેન્ટના હેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતની ગંગા નદી અને યમુના નદી દુનિયાની ૧૦ સૌથી પ્રદુષિત નદી બની ચુકી છે. આ નદીઓને પ્રદુષણ મુક્ત કરવા માટે તમામ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને મોટી મોટી જાહેરાતો પણ કરવામાં આવી રહી છે પરંતુ કોઈ ફાયદો થઈ રહ્યો નથી. અપેક્ષિત પરિણામ મળી રહ્યા નથી. આના માટે મજબુત ઈચ્છાશક્તિના અભાવને કારણ તરીકે ગણવામાં આવે છે. એક રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યુ છે કે દુનિયાના ૨૦ સૌથી પ્રદુષિત જે શહેરો રહેલા છે તેમાં ૧૩ શહેરો તો માત્ર ભારતના છે. આ બાબત પણ પર્યાવરણ માટે ઘાતક બને છે. રિપોર્ટમાં એમ પપણ કહેવામાં આવ્યુ છે કે જો એક ટન કાગળના રિસાઈકલ કરવામાં આવે તો ૨૦ વૃક્ષ અને ૭000 ગેલન પાણીનો બચાવ કરી શકાય છે. એટલુ જ નહીં બલ્કે આના કારણે વીજળીની બચત પણ થઈ શકે છે. આના કારણે આશરે છ મહિના સુધી ઘરમાં રોશની રહી શકે છે. સામાન્ય લોકો પાસે આ માહિતી નથી કે જંક મેઈલ ઈન્ડસ્ટ્રીઝ આશરે દર વર્ષે ૧૦૦ મિલિયન વૃક્ષોને કાપી નાંખે છે. ઈ-ફાઈલિંગ અને કોઈ કાગળ વગર કામ કરીને અમે ૧.૪ ટ્રિલિયન પાઉન્ડ પેપર અને ૭૨૮૦૦ વૃક્ષોને બચાવી શકીએ છીએ. સામાન્ય લોકોને આ અંગે પણ માહિતી નથી કે જે ટોઈલેટ પેપરનો ઉપયોગ અમે કરી રહ્યા છીએ તેના માટે દર વર્ષે આશરે ૨૭000 વૃક્ષોને કાપવામાં આવી રહ્યા છે. કોઈ પણ કાગળને માત્ર છ વખત જ રિસાઈકલ કરવામાં આવી શકે છે. ત્યારબાદ તે કાગળ ફાઈબર ખુબ કમજોર થઈ જાય છે. નિષ્ણાંત લોકો કહે છે કે જો તમે ઘરમાં ભોજન બનાવી રહ્યા છીએ પ્લાસ્ટિકના કચરાનો જથ્થો ઓછો થઈ શકે છતે. આના કારણે ૨૫૬૦થી વધારે પ્રજાતિઓને બચાવી શકાય છે. તમામ લોકો પાસે એ માહિતી પણ નથી કે દર વર્ષે ૧.૩ અબજ ટન ભોજન બેકાર થઈ જાય છે. આના કારણે એક અબજ જેટલા લોકો કુપોષણનો શિકાર થઈ જાય છે. એક અબજ જેટલા લોકો ભુખ્યા રહી જાય છે. આ તમામ બાબતો તરફ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવાની જરૂર દેખાઈ રહી છે. પર્યાવરણના જતન માટે અનેક પ્રયાસો કરી શકાય છે. આના કારણે પર્યાવરણનુ જ સંરક્ષણ કરાશે નહીં બલ્કે પ્રજાતિઓને પણ ભાવિ પેઢી માટે બચાવી શકાય છે. ભારતને પર્યાવરણ સંબંધિત જુદા જુદા પ્રદુષણના કારણે વર્ષે બે લાખ કરોડનુ નુકસાન થઈ રહ્યુ છે. પ્લાસ્ટિકના કચરાને ઘટાડી દેવા માટે પ્રયાસ કરવાની જરૂર છે. હાલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પણ પ્લાસ્ટિક પર બ્રેક મુકવાની વાત કરી ચુક્યા છે. પર્યાવરણની સુરક્ષા માટે મોટા પાયે વૃક્ષારોપણ કરવાની પણ જરૂર છે. વૃક્ષોના જતની પણ જરૂર છે. ભારતમાં શહેરીકરણની પ્રક્રિયા હજુ પણ મોટા પાયે ચાલી રહી છે જેના કારણે મોટી સંખ્યામાં વૃક્ષો કાપવામાં આવી રહ્યા છે. આ પ્રકારની પ્રક્રિયા પર બ્રેક જરૂરી છે. પર્યાવરણના જતન માટે તમામ પગલાને ટેકો આપવાની પણ જરૂર છે.



**જે ટોઈલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવે છે તેના માટે વર્ષે ૨૭૦૦૦ વૃક્ષો કપાય છે : જંક મેઈલ ઈન્ડસ્ટ્રીઝ પર વૃક્ષો માટે ખતરનાક છે**


આપની આસપાસ બનતી ઘટનાઓને સમાચાર રૂપે નિહાળો મોબાઈલ પર તેમજ ઈન્ટરનેટના માધ્યમ થકી

S Live web channel

યુ ટ્યુબ પર એસલાઈવ વેબ ચેનલને સબસ્કાઈબ કરો. YouTube

www.slivewebchannel.co
વધુ માહિતી માટે સંપર્ક કરો
મો. ૯૮૨૫૩ ૧૨૧૨૧